ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ, **ભાવનગર.**
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૧૦૦/૨૨-૨૩/ ૧૨૨ તારીખ : 17 MAY 2023

**આર.પી.એ.ડી.**

કેસ નં.૧૦૦/૨૨-૨૩

પ્રતિ,
**શ્રી સુરેશભાઈ પુંજલભાઈ રબારી વતી**
**મનુભાઈ પુંજલભાઈ રબારી,**
**બોડા તળાવ સામે,**
**મું.વઢવાણ, તા.વઢવાણ**
**જી.સુરેન્દ્રનગર.**

**મો.નં-**

**વિષય : અમારા વાણિજ્ય હેતુ માટેના કનેકશનમાં પુરવણી બિલ મળવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૦૬/૦૩/૨૦૨૩ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૦૭/૦૩/૨૦૨૩.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૦૦/૨૨-૨૩/e-૭૯૪૪૨ તા.૧૪/૦૩/૨૦૨૩.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૦૦/૨૨-૨૩/૭૨૩ તા.૦૫/૦૪/૨૦૨૩.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૧૭/૦૪/૨૦૨૩ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **સુરેન્દ્રનગર.**

*.......ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**

(૧) શ્રી અધિક્ષક ઈજનેર, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **વઢવાણ.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

**ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)**

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૧૦૦/૨૨–૨૩** ☜

વાદી :– **શ્રી સુરેશભાઈ પુંજલભાઈ રબારી,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખ:– તા.૧૭/૦૪/૨૦૨૩** ◈

હાજર રહયા :– **શ્રી મનુભાઈ પુંજલભાઈ રબારી (વાદી ના ભાઈ)**

પ્રતિવાદી :– **શ્રી એચ.પી.રાવળ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી સુરેશભાઈ પુંજલભાઈ રબારી, મું.વઢવાણ, તા.વઢવાણ, જી.સુરેન્દ્રનગરરની વાણિજ્ય હેતુ માટેના કનેકશનમાં પુરવણી બિલ મળવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૦૦/૨૨–૨૩ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૦૦/૨૨–૨૩/e-૭૯૪૪૨ તા.૧૪/૦૩/૨૦૨૩ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૧૭/૦૪/૨૦૨૩** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદીશ્રી સુરેશભાઈ પુંજલભાઈ રબારી વતી તેમના ભાઈ શ્રી મનુભાઈ પુંજલભાઈ રબારી હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એચ.પી.રાવળ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆત:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ શ્રી સુરેશભાઈ પુંજલભાઈ રબારી ગ્રાહક નંબર–૨૪૮૦૧/૫૫૨૭૩/૦ થી ૬.૫ કી.વો.નું વાણીજ્ય હેતુ માટેનું વિજ કનેકશન તા.૦૧.૦૧.૨૦૦૯ થી બોડા તળાવ, વઢવાણ ખાતે ધરાવે છે.

૧.૨ વાદી ની રજુઆત છે કે, અરજી સાથે જે દસ્તાવેજી પુરાવા ક્રમ નંબર ૧ થી ૯ જોડેલ છે તે દસ્તાવેજી પુરાવાના આધારે અમોને જે પુરવણી બીલ રૂા.૭,૫૪,૭૨૮/૨૫ નું આપવામાં આવેલ છે તે પુરવણી બીલ સપ્લાય કોડ ૬.૫૮ વિરૂધ્ધ અને કંપનીના નીતિ નીયમ ની વિરૂધ્ધ છે તેમજ દસ્તાવેજી પુરાવાનો અભ્યાસ કર્યા વગર આપવામાં આવેલ છે તે પુરવણી વીજ બીલ સંપુર્ણપણે રદ કરવું તેમ જણાવે છે.

Redressal Forum P.G.V.C.L. Bhavnagar Consume

૧.૩ વાદી જણાવે છે કે, અરજી સાથે જે દસ્તાવેજી પુરાવા ક્રમ નંબર–૧ થી ૯ જોડેલ છે તે દસ્તાવેજી પુરાવાની કામગીરીથી અને રેકર્ડ વિષે અમો કશું જાણતા નથી.

૧.૪ દસ્તાવેજી પુરાવા–૧ માં સ્થળ પર જે ચેકીંગ શીટ ભરેલ છે તેમાં મીટરની ડિસ્પ્લે બંધ હોવાથી મીટરના રીડીંગ લખેલ નંથી.

૧.૫ દસ્તાવેજી પુરાવા–૨ માં સ્થળ પર મીટર બહાર લગાવેલ હોય અને દરવાજા પર લોક હોય જેથી લોડની વીગત લેવામાં આવેલ નંથી તેવો ઉલ્લેખ છે.

૧.૬ દસ્તાવેજી પુરાવા–૩ માં જે ચેકીંગ શીટ ભરેલ છે તેમાં (K)અને(L) માં ગ્રાહકના પ્રતિનિધિનું નામ અને ગ્રાહક ના પ્રતિનિધિની સહીની જગ્યાએ કોઈપણ નામનો ઉલ્લેખ નથી. જેથી હાજર ના હોવાનું સ્પષ્ટ જણાય છે.

૧.૭ દસ્તાવેજી પુરાવા–૨ અને ૩ માં જેમાં રોજકામના પ્રફોર્મા નંબર ૬૯૫૬૧ તા.૨૬/૦૮/૨૦૨૨ અને લેબમાં મીટર ચેક કરતી વખતે હાજર રહેવા બાબતનો જાવક નંબશ્ર–૨૪૨૮ તા.૧૫/૦૯/૨૦૨૨ ની કામગીરી વિશે અમો સંપૂર્ણ અજાણ હતા જેના પુરાવાની ટુંકી માહિતી નીચે મુજબ છે.

૧.૮ ચેકીંગ શીટમાં પ્રફોર્મા નો ઉલ્લેખ નથી.

૧.૯ ચેકીંગ શીટમાં જોડેલ લોડ નો ઉલ્લેખ નથી.

૧.૧૦ ચેકીંગ શીટમાં મીટરના ડિસ્પ્લે બંધ હોવાથી રીડીંગ લખેલ નથી. જયારે પ્રફોર્મામાં ૯૮૨૭૭૯૭ રીડીંગ લખેલ જોવા મળેલ છે અને રીડીંગ લેબમાં એમ.આર.આઈ લીધેલ પછી લખેલ છે. તો આ પ્રફોર્મા લેબ રોજકામ પછી ભરેલ છે તેમ જણાવે છે. લેબ રોજકામના પ્રફોર્મા તા.૩૧/૦૮/૨૦૨૨, તા.૦૭/૦૯/૨૦૨૨ અને તા.૧૪/૦૯/૨૦૨૨ નો ઉલ્લેખ કરેલ છે તેવો એકપણ પત્ર નાયબ ઈજનેર દ્વારા અમોને લેબમાં હાજર રહેવા માટે મોકલાવેલ નથી.

૧.૧૧ લેબમાં હાજર રહેવા માટેની નોટીસમાં મો.૯૯૦૯૭૭૨૮૭૨ (અભયભાઈ) દર્શાવેલ છે. પણ અમોને જાણ કરવામાં આવેલ નથી. લેબમાં હાજર રહેવા માટેની ત્રણ મુદત પૂર્ણ થાય પછી મીટર એકતરફી ખોલવા માટે આખરી નોટીસ મોકલવાની હોય છે જે અમોને મોકલાવેલ નથી.

૧.૧૨ મીટર બદલાવેલ પ્રફોર્મામાં મીટર બદલનારની સહી ઉપર બી.એ.ત્રિવેદી લખેલ છે. જેને અમો ઓળખતા નથી તેમ જણાવે છે. ગ્રાહકના પ્રતિનિધિ ની સહી પર એ.બી.ચાવડા લખેલ છે. જે ખોટા દસ્તાવેજી પુરાવા હોય તેમ જણાવે છે.

૧.૧૩ વાદી જણાવે છે કે ઉપર મુજબના દસ્તાવેજી પુરાવા જોતાં જણાય છે કે, રોજકામ પ્રફોર્મા મીટર લેબમાં ખોલ્યા પછી તૈયાર કરવામાં આવે છે અને પ્રફોર્મામાં કયાંય પણ ચેકીંગ અધિકારીશ્રી એ.આર.ખોખર નું નામ કે સહી જોવા મળેલ નથી. આમ, ઉપર મુજબની કામગીરી અમારી ગેરહાજરીમાં કરેલ છે. જે ઉપરોકત પુરાવામાં જોઈ શકાય છે.

૧.૧૪ લેબ રોજકામમાં લખેલ મીટરની વિગતમાં રીડીંગ ૯૮૨૭૭.૯૭ લખેલ છે. જે રીડીંગ મીટર ઉતારેલ છે ત્યારે લખેલ નથી. જે એમ.આર.આઈ રીપોર્ટ ના આધારે લખેલ છે. જેથી, લેબ રોજકામમાં એમ.આર.આઈ. રીપોર્ટ જોતાં, પહેલા કેમ રીડીંગ લખવામાં આવે છે તેમ જણાવે છે.

P.G.V.C.L. Bhavnagar Redressal Forum

૧.૧૫ લેબ રોજકામમાં એમ.આર.આઈ રીપોર્ટમાં ૯૪૩૮૬.૮૧ થી ૯૮૨૭૭.૯૭ ની સીરીઝ કઈ તારીખથી મીઆતમાં જંપ મારીને ચાલુ થયેલ છે તેની કોઈ વિગત જોવા મળતી ન હતી. વિજ જોડાણ ૬.૫ કિ.વો. ની સામે વપરાશની એમ.ડી.૩.૩ આવેલ છે અને મીનીમમ ૧.૬ આવેલ છે તેમ જણાવે છે.

૧.૧૬ લેબમાં એમ.આર.આઈ રીપોર્ટમાં ટોટલ વપરાશ ૩૮૯૧.૧૬ યુનિટ જણાય છે. જેની સામે ૫૪૦૦+૨૦૦ = ૫૬૦૦ નું ફોલ્ટી યુનિટનું બિલ બનાવેલ છે અને ૨૦૦ યુનિટ "N" સ્ટેટસના વિજ બિલ બનાવેલ છે. તેમ કુલ ૫૬૦૦ યુનિટના વિજ બિલ બનાવેલ છે. આમ, ૧૭૦૮.૮૪ યુનિટ નું બિલ વધારે બનાવેલ છે તેમ જણાવે છે.

૧.૧૭ આમ, લેબ રોજકામથી સંપૂર્ણપણે અજાણ હતા અને કંપનીના નિતિ નિયમ મુજબ થયેલ નથી તેમ જણાવે છે.

૧.૧૮ વાદી જણાવે છે કે, અમોને જે વિજ પુરવણી બિલ આપેલ છે તેમાં લેઝરની વપરાશને ધ્યાનમાં લેવામાં આવેલ નથી. ડિસેમ્બર–૨૦૨૦ થી સપ્ટેમ્બર–૨૦૨૧ સુધીમાં જે વપરાશ લેઝરમાં જોવા મળે છે તે ૦ યુનિટ મુજબ છે. અને વિજ બિલ કંપની ના મીટર રીડર દ્વારા જોઈને નિયમ મુજબ બનાવેલ છે, તેમ જણાવે છે.

૧.૧૯ અમારૂં મીટર બહારની સાઈટ પર લાગેલ હોય નીચે બાંકડો હોય, લોકના બિલ આપી શકે નહી તેમ જણાવે છે. મીટર બહાર હોય, કંપનીના અધિકારી ગમે ત્યારે ક્રોસ ચેકીંગ કરી શકે છે અને ભૂલ હોય તો સુધારીને બિલ આપી શકે છે. જેથી મીટરમાં કોઈ ગેરરીતી પણ જોવા મળેલ નથી, તેમ જણાવે છે.

૧.૨૦ સપ્ટેમ્બર–૨૦૦૨૧ સુધી મીટર રીડર દ્વારા ૪૩૧૦ સીરીઝનું જે બીલ બનાવેલ છે તે કંપની દ્વારા માન્ય રાખવામાં આવેલ છે જે રેકોર્ડ આધારીત સાબિત થાય છે.

૧.૨૧ ઓકટોબર–૨૦૨૧ અને નવેમ્બર–૨૦૨૧ માં મીટર રીડર દ્વારા ''N'' સ્ટેટસ ના બે વીજબીલ બનાવેલ છે જે જોતા મીટર બહારની દીવાલ પર હોય અને નીચે બાંકડો હોય કેવી રીતે''N'' સ્ટેટસ ના વીજ બીલ કેવી રીતે બનાવેલ છે તેમ જણાવે છે.

૧.૨૨ ડીસેમ્બર–૨૦૨૧ માં પ્રથમ ૬૪૦૫ યુનીટનું ''F'' સ્ટેટસ નું બીલ બનાવેલ હતુ. જે બીલ મળ્યે તુરત જ વઢવાણ ઓફીસમાં રજુઆત કરતા સુધારીને ૬૪૦૫ યુનીટ માંથી ૬૦૦ યુનીટનું બનાવેલ છે તે લેજર પર જોવા મળે છે તેમ જણાવે છે.

૧.૨૩ ડીસેમ્બર–૨૦૨૧ થી ઓગષ્ટ–૨૦૨૧ વચ્ચે ૯૦૪૯૫ યુનીટનો જંપ આવેલ છે તેવુ રેકોર્ડ પરથી જણાય છે. સદર બાબતની માહીતી લેજરમાં જોવા મળતી હોવા છતાં, શા માટે ધ્યાનમાં લીધેલ નથી તેમ જણાવે છે.

૧.૨૪ ફોલ્ટી મીટર બદલ્યા પછી નવું મીટર કયારે લગાવવામાં આવેલ છે તે અમો જાણતા નથી મીટર બદલ્યા પછી સપ્ટેમ્બર–૨૦૨૨ નું ૨૩૩૩ યુનીટ, ઓકટોબર–૨૦૨૨ માં ૨૬૯૦ યુનીટ નવેમ્બર–૨૦૨૨ માં ૨૭૬૦ યુનીટ અને ડીસેમ્બર–૨૦૨૨ માં ૧૩૯ યુનીટ નુ વીજ બીલ આપવામાં આવેલ છે જે બાબતે જણાવે છે કે તે સમયમાં પેટ્રોલપંપ મંજુર થયેલ હોવાથી સીવીલ કામ અને ઈલેકટ્રીક કામ ચાલતું હોય અને બે ગોડાઉનમાં કંપનીના અધિકારી રહેતા હોય, એ.સી. લગાડેલ હોય વધુ આવેલ છે તેમ જણાવે છે.

૧.૨૫ આમ, ઉપર મુજબની રજૂઆત કરી રૂા.૭,૫૪,૭૨૮/૨૫ નું આપવામાં આવેલ પુરવણી બિલ રદ કરવા રજૂઆત કરેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :–** ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...

૨.૧ શ્રી સુરેશભાઈ પુંજલભાઈ રબારી, ગ્રાહક નં–૨૪૮૦૧/૫૫૨૭૩/૧૦ થી ૬.૫ કિ.વો નું વાણીજય હેતુ માટેનું વિજ કનેકશન તા.૦૧/૦૧/૨૦૦૯ થી ધરાવે છે. તેઓ સુરેન્દ્રનગર શહેરના રહેવાસી છે.

૨.૨ વઢવાણ પેટા વિભાગીય કચેરીમાં વર્ષ–૨૦૧૪ થી ૨૦૧૯ સુધી મીટર રીડીગની કામગીરી આઉટ સોર્સીંગ થી કરાવવામાં આવતી હતી.

૨.૩ વિજ કચેરી ના દ્વારા માહે–જુલાઈ–૨૦૧૫ માં સદર મીટરનું રીડીંગ લેવા જતા તા.૧૭/૦૭/૨૦૧૫ ના રોજ ૪૩૧૦ યુનિટ જોવા મળતા, પાછલા રીડીંગ ૪૦૫૦ હોય, તફાવત ગણી ૨૬૦ યુનિટનું વિજ બિલ આપવામાં આવેલ હતું.

૨.૪ વાદીને માહે જુલાઈ–૨૦૧૬ થી સપ્ટેમ્બર–૨૦૨૧ સુધી એટલે કે, ૭૫ વિજ બિલ ''૦'' યુનિટના આપવામાં આવેલ હતા. જેમાં, મીટર રીડર દ્વારા ''૦'' યુનિટના આપવામાં આવેલ હતા તેમજ ઓકટા–૨૦૨૧ અને નવે –૨૦૨૧ માં બે વિજ બિલ ''N'' સ્ટેટસના બિલ ૧૦૦ યુનિટ લેખે આપવામાં આવેલ હતા.

૨.૫ વાદી વિજ બિલ ભરવા બાબતનમાં સંપૂર્ણ અનિયમીત છે. જે કલેકશનની માહિતી પરથી જોઈ શકાય છે. વર્ષ–૨૦૧૮ થી વર્ષ–૨૦૨૨ સુધીમાં વાદીએ ફકત ૫(પાંચ) વખત જ બિલ ભરેલ છે.

૨.૬ ત્યારબાદ, મીટર રીડરમાં જતા તા.૧૦/૧૨/૨૦૨૧ ના રોજ મીટર ફોલ્ટી જણાતા ૬૪૦૫ યુનિટનું વિજ બિલ આપવામાં આવેલ હતું. પછી વાદી દ્વારા રજૂઆત કરતા, તા.૧૩/૦૧/૨૦૨૨ ના રોજ ૬૪૦૫ યુનિટનું વિજ બિલ જમા આપવામાં આવેલ હતું અને એવરેજ મુજબનું ૬૦૦ યુનિટ નું બિલ ઉધારવામાં આવેલ હતું. જેની નકલ આ સાથે સામેલ છે.

૨.૭ ત્યારબાદ, મીટર રીડર દ્વારા મીટર સ્ટેટસમાં ''F'' હોવાથી માહે જાન્યુ–૨૦૨૨ થી ઓગષ્ટ–૨૦૨૨ સુધી આઠ વિજ બિલ એવરેજ વિજ બિલ ૬૦૦ યુનિટના આપવામાં આવેલ હતા.

૨.૮ વાદીનું મીટર ફોલ્ટી હોય, નાયબ ઈજનેરની સૂચનાથી જુનીયર ઈજનેર એ.આર.ખોખર અને દિપકભાઈ ત્રિવેદી દ્વારા ચેકીંગ શીટ નં–૧૦૪૮૩ ભરી તા.૨૬/૦૮/૨૦૨૨ ના રોજ મીટર બદલાવેલ હતું. સ્થળ પર મીટર તપાસતા, રીડીંગ ન જોવા મળતા મીટર બંધ હોવાની રીમાર્કસ લખવામાં આવેલ છે. મીટર બદલતા રોજકામ પ્રફોર્મા–૬૯૫૫૧ ભરવામાં આવેલ હતો. જેમાં, મીટર બદલનારની સહીમાં ડી.એ.ત્રિવેદી લખી સહી કરેલ છે અને ગ્રાહકના પ્રતિનિધિની સહીના ખાનામાં એ.બી.ચાવડાની સહી કરેલ જોવા મળેલ છે.

૨.૯ વિજ કર્મી દ્વારા તા.૨૬/૦૮/૨૦૨૨ ના રોજ મીટર બદલાવીને નવું મીટર બહારની જગ્યા પર ગ્રાહકના કમ્પાઉન્ડ વોલની અંદર લગાવવામાં આવેલ હતું. જેથી, બિલ બનાવવા કમ્પાઉન્ડનો દરવાજો ખુલ્લો હોય તો જ બિલ બનાવી શકાય. અન્યથા, લોક બિલ આપવું પડે.

૨.૧૦ પ્રફોર્મા–૬૯૫૫૧ માં વાદીને લેબમાં હાજર રહેવા માટે ત્રણ તારીખ જેમ કે, તા.૩૧/૦૮/૨૦૨૨, તા.૦૭/૦૯/૨૦૨૨ અને તા.૧૪/૦૯/૨૦૨૨ નો ઉલ્લેખ કરવામાં આવેલ છે. બાદમાં, વાદી લેબ ઉપર મુજબ ની કોઈપણ તારીખે હાજર નહી રહેતા, વિજ કચેરી દ્વારા ફરીથી વાદીને લેબમાં હાજર રહેવા માટે ત્રણ તારીખ જેમ કે, તા.૨૧/૦૯/૨૦૨૨, તા.૨૮/૦૯/૨૦૨૨ અને તા.૦૫/૧૦/૨૦૨૨ નોટીસ ૨૯૨૮ થી

Consumer Grievances Redressal Forum P.G.V.C.L. Bhavnagar

તા.૧૫/૦૯/૨૦૨૨ ના રોજ આપવામાં આવેલ હતી. તેમજ ગ્રાહકને સદર નોટીસમાં હાજર રહવો માટે પોસ્ટ ખાતા દ્વારા બજવણી કરવામાં આવેલ છે. જે નોટીસ મળ્યાનું કન્ફર્મેશન મોબાઈલ ઓનલાઈન ટ્રેકીંગ સીસ્ટમ દ્વારા આપવામાં આવે છે.

૨.૧૧ સદર વાદીનું મીટર તા.૧૬/૧૧/૨૦૨૨ ના રોજ લેબમાં તપાસવામાં આવેલ હતું. જેમાં, મીટરનો એમ.આર. આઈ લેવામાં આવતા મીટરમાં ૯૮૨૭૭.૯૭ રીડીગ જોવા મળેલ હતા. તેમજ મેકસીમમ ડીમાન્ડ ૧.૬૮ થી ૩.૩૮ સુધી જોવા મળેલ છે.

૨.૧૨ આમ, લેબમાં મીટર ખોલતા રીડીગ જોવ મળતા રોજકામના પ્રફોર્મા–૬૯૫૫૧ માં રીડીગના ખાનામાં ૦૯૮૨૭૭.૯૭ KWH લખવામાં આવેલ છે. લેબ રીપોર્ટમાં મીટરમાં કોઈ ખામી હોવાનું જણાવેલ નથી.

૨.૧૩ આમ, વાદીનું મીટર લેબમાં ખુલતા રીડીગ ૯૮૨૭૭ જેવા મળેલ હતા. જેમાંથી વાદીને જે માહે જાન્યુઆરી –૨૦૨૨ થી ઓગષ્ટ–૨૦૨૨ સુધી ૦૮ વિજ બિલ ''F'' સ્ટેટસ ના આપવામાં આવેલ છે. તેમાંથી ૭૭૮૩ બાદ કરીને ફાઈનલ બિલ ૯૦૪૯૫ યુનિટનું આપવામાં આવેલ છે. જે વાદી ભરવાપાત્ર થાય છે. તેવો અમારો અભિપ્રાય છે.

☞ **<u>ફોરમનું તારણ</u>** :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી અરજદારશ્રી સુરેશભાઈ પુંજલભાઈ  રબારી સુરેન્દ્રનગર ખાતે ગ્રાહક નં–૨૪૮૦૧/૫૫૨૭૩/૦ થી ૬.૫ કિ.વો.નું વાણિજય હેતુ નું NRGP વિજ કનેકશન ધરાવે છે તથા પ્રતિવાદી પીજીવીસીએલ દ્વારા આપવામાં આવેલ ૯૦૪૯૫ યુનિટનું પેન્ડીગ યુનિટનું બિલ આપવાની બાબતને લઈને વિવાદ થતા ફોરમને રજુઆત કરેલ છે.

૩.૨ આજરોજ તા.૧૭/૦૪/૨૦૨૩ ની રૂબરૂ સુનાવણીમાં વાદી તથા પ્રતિવાદીના પ્રતિનિધિઓ હાજર છે તથા તેઓએ પોતાની રજૂઆતો રજૂ કરેલ છે.

૩.૩ રજૂ થયેલ દસ્તાવેજો અને મૌખિક રજૂઆતોને ઘ્યાને લેતા ફોરમને જણાય છે કે, વાદી તા.૦૧/૦૧/૨૦૦૯ થી કનેકશન ધરાવે છે. જેમાં પ્રતિવાદી ની કચેરીના મીટર રીડર દ્વારા કરવામાં આવેલ બિલીગની વિગતો પ્રતિવાદી દ્વારા આગળ **૨.૩ થી** ૨.૭ ઉપર જણાવેલ છે. જે મુજબ ''0'', ''N'', ''F'' અને એવરેજ નું બિલીગ કરવામાં આવેલ છે. જેમાં, અનિયમિતતા માલૂમ પડે છે. પ્રતિવાદી દ્વારા ફોલ્ટી મીટરની સ્થિતિ ઘ્યાને લઈને વાદીનું મીટર  તા.૨૬/૦૮/૨૦૨૨ ના રોજ બદલાવવામાં આવેલ છે.

૩.૪ વાદીનું મીટર વાદીની હાજરીમાં ખોલવા માટે પ્રતિવાદી દ્વારા પ્રથમવાર ૩ તારીખ તા.૩૧/૦૮/૨૦૨૨, તા.૦૭/૦૯/૨૦૨૨ અને તા.૧૪/૦૯/૨૦૨૨ ના રોજ હાજર રહેવા જણાવવામાં આવેલ. જેમાં,વાદી હાજર રહેલ નહી. ફરીથી પ્રતિવાદી દ્વારા તા.૨૧/૦૯/૨૦૨૨, તા.૨૮/૦૯/૨૦૨૨ અને તા.૦૫/૧૦/૨૦૨૨ ના રોજ હાજર રહેવા નોટીસ આપવામાં આવેલ અને તા.૧૬/૧૧/૨૦૨૨ ના રોજ મીટર ખોલવામાં આવેલ. વાદી દ્વારા નોટીસ ન મળ્યા હોવાનું તેમજ નોટીસ સ્વીકાર નું નામ તેઓનું ન હોવાનું જણાવેલ છે.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૩.૫ મીટર ખોલતા સમયે નોંધાયેલ રીડીંગ ૯૮૨૭૭.૯૭ તેમજ ચકાસણી દરમ્યાન મીટરમાં કોઈ જ ખામી ધ્યાને આવેલ નથી. મીટર ઓકે છે. પ્રતિવાદી દ્વારા છેલ્લા રીડીંગ ૯૮૨૭૭.૯૭ માંથી ફોલ્ટી યુનિટના ૮ બિલીંગના ૭૭૮૩ યૂનિટ બાદ કરી, ૯૦૪૯૫ યુનિટનું અંતિમ બિલ આપવામાં આવેલ છે. જે યોગ્ય છે.

૩.૬ આ તબકકે વાદી દ્વારા પ્રતિવાદીની કચેરીએ GERC ના નોર્મ્સ મુજબ મીટર રીડીંગ ન કરી, મીટર ન બદલાવેલ હોઈ બિલ રદ થવાને પાત્ર હોવાની રજૂઆત કરેલ છે. જે અંગે પ્રતિવાદી દ્વારા તેમના પત્ર ન. ૧૯૮૬ તા. ૧૫.૦૪.૨૩ તેમજ આજરોજ ની રૂબરૂ સુનાવણી માં જણાવેલ છે કે અંદાજે લગભગ આઠ વર્ષ થી વાદી સ્ટ્રોંગ હેડેડ હોઈ પ્રતિવાદીના આઉટ સોર્સ તેમજ રેગ્યુલર કર્મચારી ઓને સ્થળ પર મીટર રીડીંગ કરવા જવા દીધેલ નહિ જેને કારણે પ્રતિવાદીને ફોલ્ટી મીટર દર્શાવી રીડીંગ કરવાની ફરજ પાડવામાં આવેલ છે. તેમજ વાદીનું વીજ કનેક્શન પણ પોલીસ પ્રોટેકશનની મદદ થી તા. ૦૩.૦૨.૨૩ ના રોજ કાપવામાં આવેલ છે. અને તા. ૨૩.૦૩.૨૩ ના રોજ કનેક્શન પીડીસી કરેલ છે વાદી દ્વારા છેલ્લે તા ૨૧.૦૩.૨૩ ના રોજ પેમેન્ટ કરવામાં આવેલ છે. વાદીનું હાલનું છેલ્લું એરીઅર્સ રકમ રૂ. ૮,૬૯,૭૫૦.૦૪ છે જે અંગે સિવિલ સ્યુટ દાખલ કરવાની કામગીરી હજુ સુધી કરવામાં આવેલ નથી.

૩.૭ ફોરમ દ્વારા તમામ પેપર્સ, રેકર્ડસ નો અભ્યાસ કરતા જણાયેલ છે કે, પ્રતિવાદીના મીટર રીડરે નિયમીત બિલીંગ કરેલ નથી અને યુનિટ એકઠા થવા દીધેલ છે. પરંતુ, મીટરમાં કોઈ ખામી પણ જણાયેલ નથી. આથી, મીટરમાં નોંધાયેલ યુનિટો વિજ વપરાશના હોવાના અને પેન્ડીગ હોવાનું ફોરમને જણાય છે.

૩.૮ આથી, હુકમ કરવામાં આવે છે કે, પ્રતિવાદી એ લેબ પરિક્ષણમાં નોંધેલ વપરાશના યુનિટ મુજબનું બીલ વાદીને આપેલ છે અને વર્ષ ૨૦૦૯ થી લેબ પરિક્ષણ સુધીમાં બનેલ બીલોના યુનિટ બાદ કરી, સુધારેલ બીલ વાદીને આપેલ છે જે વાદીએ ભરવાપાત્ર છે.

**–:: હુકમ ::–**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૮ " મુજબ હુકમ કરવામાં આવે છે.**
- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જીલ્લા સેવા સદન–૩, ત્રીજો માળ, બ્લોક નં–૧, સરકારી પ્રેસ રોડ, રાજકોટ–૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

| (શ્રીમતી જે.એમ.મહેતા) | (એન.આઈ.ઉપાધ્યાય) | (એન.સી.મકવાણા) |
|---|---|---|
| સ્વતંત્ર સભ્યશ્રી | ટેકનીકલ સભ્યશ્રી | અધ્યક્ષશ્રી,<br>ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ<br>પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર. |

તારીખ :– ૧૭/૦૪/૨૦૨૩.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar